# “સુરક્ષિત અને સમન્વિત શહેરો”

## ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા:

## સમન્વિત નીતિઓ અને આયોજન તરફ

**પ્રોજેક્ટ નોંધ**

સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (CUE), સી.ઈ.પી.ટી. (CEPT) યુનિવર્સિટી અને ઇન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલેપમેન્ટ (IHD) ને 'ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ' ના વિષય પર સંશોધન માટે ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર (IDRC), કેનેડા અને ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ (DFID), યુ.કે. દ્વારા "સેફ એન્ડ ઇન્ક્લુઝિવ સિટિઝ (SAIC)" ના વૈશ્વિક કાર્યક્રમ હેઠળ ત્રણ વર્ષનો પ્રોજેક્ટ ફાળવવામાં આવેલ છે. આ સંશોધન કુલ ચાર શહેરોમાં આયોજિત કરવામાં આવેલ, જેમાં CUE દ્વારા અમદાવાદ અને ગુવાહાટી શહેરોને અને IHD દ્વારા દિલ્હી અને પટણા શહેરોને આવરી લેવામાં આવ્યા છે. ભારતીય શહેરોમાં બહિષ્કૃત શહેરી આયોજન અને શાસન કેવી રીતે ગરીબ પર અને ગરીબો દ્વારા હિંસાનું સ્વરૂપ ધારણ કરે છે તેનું વિશ્લેષણ આ સંશોધનનો મુખ્ય હેતુ છે.

CUEના સંશોધનમાં માળખાગત હિંસા (સાધનસામગ્રીની વંચિતતા, અસમાનતા), પ્રત્યક્ષ હિંસા (પ્રત્યક્ષ રીતે પહોંચાડવામાં આવેલી શારીરિક કે માનસિક ઈજા), તકરાર અને વિવિધ પ્રકારના ગુનાની શહેરી આયોજન અને શાસન સાથેની કડીઓને ચકાસતો વિસ્તૃત અભિગમ લેવામાં આવ્યો છે. અહીં નોંધ લેવી જરૂરી છે કે તમામ પ્રકારની હિંસાને ગુના માનવામાં આવતા નથી (ઉદાહરણ તરીકે, સરકાર દ્વારા થતી હિંસા), તેમજ તમામ પ્રકારના ગુનાને હિંસા માનવામાં આવતી નથી (જેમકે, ચોરી).

ગુજરાત રાજ્યનાં સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આ સંશોધનમાં બે ગરીબ વિસ્તારોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છેઃ શહેરના દક્ષિણ વિભાગમાં સ્થિત મુસ્લિમ વસ્તી ધરાવતો અનૌપચારિક વિસ્તાર એવો બોમ્બે હોટલનો મહોલ્લો, તેમજ વિવિધ શહેરી પ્રોજેક્ટ્સને કારણે હટાવી દેવાયેલ ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટે વપરાયેલા શહેરના અગ્નિ ખૂણે સ્થિત વટવામાં જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JnNURM) ના 'બેઝિક સર્વિસિસ ટુ ધ અર્બન પૂઅર' (BSUP) કાર્યક્રમ હેઠળ બનાવવામાં આવેલ સરકારી આવાસો.

**CUE સંશોધન ટીમ (અમદાવાદ)** : દર્શિની મહાદેવિયા, રેણુ દેસાઈ, શચિ સંઘવી, સુચિતા વ્યાસ

## અમદાવાદ પૉલિસી બ્રીફ ૪

## વટવા પુનર્વસન વસાહતો: અનૈતિક પ્રવૃત્તિઓ અને ગુંડાગીરી

૨૦૦૦ના દાયકાના મધ્યથી અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ, કાંકરિયા લેકફ્રન્ટ પ્રોજેક્ટ તેમજ બસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (BRTS) માટે માર્ગવિસ્તરણ પ્રોજેક્ટ જેવા નગર સુશોભન તેમજ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવેલા છે. તેને કારણે હજારો ગરીબ ઝૂંપડાવાસીઓને વિસ્થાપિત કરવામાં આવ્યા છે. ભારત સરકારના જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JnNURM) ના 'બેઝિક સર્વિસિસ ટુ ધ અર્બન પૂઅર' (બી.એસ.યુ.પી.) કાર્યક્રમ હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (અ.મ્યુ.કો.) દ્વારા બનાવવામાં આવેલ સરકારી

આવાસોમાં આવા અનેક લોકોને પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે. જેમાંના લગભગ પચાસ ટકા આવાસો વટવામાં અડોઅડ સાત વસાહતોમાં બનાવવામાં આવ્યાં છે. ૨૦૧૨ સુધીમાં, અ.મ્યુ.કો. એ કુશાભાઉ ઠાકરે નગર (કે.બી.ટી.નગર), વસંત ગજેન્દ્ર ગડકર નગર (વી.જી.જી નગર) અને સદ્ભાવના નગર એમ ત્રણ વસાહતોમાં ફ્લેટ્સની ફાળવણી કરી હતી. આ પ્રકારના આવાસ મેળવવા એ લોકો માટે પડકારજનક હતું. ઉપરાંત આવાસ મળ્યા બાદ પણ મોટા ભાગના લોકોની સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં પરિવર્તન જોવા મળ્યું નથી અને બદલામાં પુનર્વસનને કારણે તેમના જીવનમાં માળખાકીય હિંસાનું પ્રમાણ વધ્યું છે. તેમજ અનેક વસાહતોમાં ગુના અને રોજિંદા તકરારોની પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

રહીશોના મત મુજબ તેઓના પહેલા રહેણાંક સ્થાન કરતાં વટવાના પુનર્વસન વસાહતોમાં દારૂ અને ડ્રગ્સનું વેચાણ તથા દારૂ અને જુગારના અડ્ડા ચલાવવા જેવી અનૈતિક પ્રવૃત્તિઓનો માર્ગ મોકળો બન્યો છે. રહીશોએ જોયું છે કે દારૂ કે ડ્રગ્સનું સેવન કરતા લોકો ખુલ્લેઆમ જાહેર સ્થળોએ એકબીજા સાથે મારામારી કરે છે. આવી પ્રવૃત્તિઓ ચલાવવા માટે અંદરોઅંદર ગુંડાગીરી પણ થતી હોય છે, જે શારીરિક મારામારી, ઝઘડા અને હિંસા તરફ દોરી જાય છે. ઘણી વાર ચપ્પુ અને તલવાર ચલાવવાના કિસ્સા પણ બનેલા છે.

સદ્ભાવના નગરમાં અનેક હિંસક બનાવો પણ બન્યા છે. ૨૦૧૪ના એક બનાવમાં જુગાર રમતા બે વ્યકિત વચ્ચે ઝઘડો થયો અને એમાં એકનું ખૂન થઈ ગયું. બીજા એક બનાવમાં વટવાના અન્ય બી.એસ.યુ.પી ની વસાહતથી કેટલાક લોકો ચપ્પુ લઈને સદ્ભાવના નગરમાં ઘૂસી ગયા અને દારૂના અડ્ડાના માલિક પાસેથી પૈસા પડાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. એમાંથી ઝઘડો થયો. ત્યાં રહેતા એક ભાઈએ કહ્યું કે પોતાની ધાક જમાવવા માટે ગુંડાઓ ઝઘડે છે અને ગુંડાગર્દી કરે છે. કે.બી.ટી નગરમાં સૌથી વધુ ચર્ચાયેલા બે બનાવોમાં ઝઘડો શાંત કરનાર વ્યક્તિ હિંસા સમાપ્ત કરવાને બદલે પોતે હિંસાનો શિકાર બન્યો. આમાંના એક બનાવમાં નશામાં ધૂત થયેલો એક માણસ કોઈ દુકાનદારને ધમકાવતો હતો અને સિગારેટના પૈસા ચૂકવવાનો ઇન્કાર કરી રહ્યો હતો. ત્યાંથી પસાર થનાર એક માણસ ઝઘડામાં વચ્ચે પડ્યો, એ મામલો સુલઝાવવાનો પ્રયત્ન કરતો હતો, ત્યારે તેને પેલા નશાબાજે ચપ્પુના ઘા મારીને સખત ઈજાગ્રસ્ત કર્યો. બે લોકો/પરિવારો વચ્ચે તકરારો થઇ હોય અને એક પક્ષવાળાએ શહેરની કોઈ બીજી જગ્યાએથી  ગુંડાઓને બોલાવીને બીજા પક્ષને ધમકી આપી હોય અને માર મરાવ્યો હોય એવા કિસ્સા પણ બન્યા છે.

આ પ્રકારના માહોલમાં બેફામ અશ્લીલ ભાષાનો ઉપયોગ થાય છે. જેની ખાસ કરીને બાળકો પર નકારાત્મક અસર પડે છે. જુગાર અને ડ્રગ્સના રવાડે ચડેલા યુવાનો પોતાની જરૂરિયાતની પરિપૂર્તિ કરવા માટે ચોરી અને લૂંટનો આશરો લે છે. નશામાં ધૂત લોકો ખાસ કરીને યુવાનો રસ્તે જતી યુવતીઓ અને છોકરીઓની છેડતી કરે છે. તેના કારણે વાલીઓને પોતાનાં બાળકો, તરુણો તથા કુંવારી દીકરીઓને ઘરે એકલા મૂકીને જતા ડર લાગે છે.

***મોટાભાગના રહીશો હિંસક બનાવો વિશેની વિગતો આપતાં ડરે છે. એક મહિલા રહીશે કહ્યું, "અહીં જે થાય છે એ લોકો માત્ર જોઈ અને સાંભળી જ શકે છે, પણ કંઈ કહી શકતા નથી."***

પુનર્વસનની પ્રક્રિયાને લીધે ગેરકાનૂની ધંધાની નવી તકો પણ ઉભી થઈ છે. આવાસની ફાળવણી પદ્ધતિને લીધે દરેક વસાહતમાં ઘણા ફ્લેટ્સ ખાલી પડી રહ્યા છે. આવા ફ્લેટ્સ વચેટિયાઓએ લઈ લીધા છે અને એમણે ગરીબ પરિવારોને કે અનૈતિક પ્રવૃત્તિઓ ચલાવનારાને ભાડે આપી દીધા છે. વચેટીયાઓમાં આવા આવાસો મેળવવવા માટે અંદરોઅંદર બળપ્રયોગ દ્વારા હરીફાઇ થાય છે, જેને લીધે પણ ગુંડાગર્દીને વેગ મળે છે.

આ બધી અનૈતિક પ્રવૃત્તિઓ તથા ગુંડાગીરીની પરિસ્થિતિ અનેક રીતે શહેરી આયોજન તથા શાસન સાથે સંકળાયેલી છે.

**૧. આવનજાવન, તાણગ્રસ્ત આજીવિકા અને અનૈતિક પ્રવૃતિઓનું સંકલન**

પુનર્વસન બાદ આવનજાવનમાં તકલીફ અને તાણગ્રસ્ત આજીવિકાના પરિણામે અનેક લોકો સામાજિક-આર્થિક નબળાઈઓ તરફ દોરાઈ ગયા છે (કોષ્ટક ૧). તેની વિપરીત અસરના ભાગરૂપે કેટલાક રહીશો અનૈતિક પ્રવૃતિઓનો આશરો લે છે. વી.જી.જી. નગરમાં રહેતી એક મહિલાએ કહ્યું કે અગાઉના કાર્યસ્થળો દૂર હોવાથી તેમજ ત્યાં સુધી જવાના પૂરતા પરિવહન ખર્ચ અને સવલતોના અભાવે બેકાર યુવાનો આ વસાહતોમાં ભટક્યા કરે છે અને અનૈતિક પ્રવૃત્તિઓના પ્રલોભનમાં ફસાઈ જાય છે. એમણે જણાવ્યું, “તમને કોઈ 100 રૂપિયા આપીને કહે કે મારી સાથે ચાલ, તો તમે તેની સાથે જવાના છો. કેટલાક  લોકો ભૂખ સહન કરી શકતા નથી. કોઈ તમને ભારેખમ કોથળો ઊપાડવાનું કહેશે તો તમે એ નહીં કરી શકો. કોઈ માણસે પહેલા કાળી મજૂરી ના કરી હોય, તો આજે એને એ કામ અઘરું લાગવાનું. તેના બદલે એ સરળતાથી થતી ખોટી પ્રવૃત્તિઓમાં ફસાશે.”

આજીવિકાની તાણને કારણે અનેક લોકો દારૂ અને ડ્રગ્સની લતે ચડી ગયા છે. એક રહીશના મતે, એક જ વાર દારૂ લેતા માણસો હવે ત્રણ ત્રણ વાર પીતા થઈ ગયા છે. આને કારણે અનેક બેકાર યુવાનો જુગાર અને ડ્રગ્સની કુટેવોમાં સપડાયા છે. વધુમાં તેમના માતાપિતા આજીવિકાના સંઘર્ષમાં રોકાયેલા હોવાથી યુવાનો પર પૂરતું ધ્યાન આપી શકતા નથી. ઉપરાંત ઘણા ખરા યુવાનોના પિતા પોતે જ દારૂ અને જુગાર જેવી પ્રવૃત્તિઓમાં સપડાયેલા છે. જેની પણ અસર તેઓ પર થાય છે.

**કોષ્ટક ૧: પુનર્વસન, આવનજાવનની મુશ્કેલી અને તાણગ્રસ્ત આજીવિકા (પૉલિસી બ્રીફ ૧ પણ જુઓ)**

વટવા જેવા દૂરનાં પુનર્વસનના સ્થળેથી કાર્યસ્થળે પહોંચવા માટે ખૂબ ઊંચું ભાડું આપવું પડે છે, જેને લીધે ઘણાંનાં કાર્યમાં અનિયમિતતા આવી છે (એટલે કે, પરિવહન ખર્ચના પૈસા હોય, તો જ કામે જવું શક્ય બને), તો ઘણાંને નોકરીધંધા છોડી પણ દેવા પડ્યા છે. બીજાઓએ ઊંચા ભાડાં ખર્ચીને પણ કામ કરવાનું ચાલુ રાખ્યું છે. પણ ઓછી બચત એટલે આજીવિકા પર અસર. પુનર્વસન બાદ નજીકનાં સ્થળે આવેલા કામો (ઓદ્યોગિક) લોકોએ જીવનભર કરેલાં કામો (ફેરી, ઘરગથ્થુ કાર્ય, બાંધકામનાં સ્થળે મજૂરી કે વેપાર પ્રવૃત્તિઓ વગેરે) કરતાં તદ્દન અલગ છે અને ઉપરાંત કામના કલાકો વધુ અને વેતન ઓછું છે. પાસેનાં સ્થળોએ મળેલા ઘરગથ્થુ કામમાં વેતન ઓછું મળે છે. સરકારી સ્વાસ્થ્ય સેવાઓ તેમજ સરકારી વિતરણ વ્યવસ્થા (રેશનિંગની દુકાનો) સુધી જવા માટે ઊંચાં ભાડાં ખર્ચવા પડે છે. તેમજ મૂળભૂત સેવાઓ (ખાસ કરીને વીજળી બિલ) અને સવલતોની જાળવણીના ખર્ચા (ખાસ કરીને પાણી અને ગટરની પાઈપ્સની જાળવણી તથા બિલ્ડીંગનાં કૉરિડોરની લાઇટ્સની જાળવણી) પણ વધ્યા છે.

## ૨. સામાજિક ભંગાણ અને અનૈતિક પ્રવૃતિઓ અને ગુંડાગીરીનું સંકલન

પુનર્વસન પ્રક્રિયા દરમિયાન દરેક તોડી પાડવામાં આવેલી ઝુંપડપટ્ટીમાં રહેનારા લોકોને વિવિધ પુનર્વસન વસાહતોમાં વહેંચી દેવામાં આવ્યા. તેમજ વિવિધ ઝુંપડપટ્ટીઓના રહેવાસીઓને એક સાથે એક જ વસહતમાં આડેધડ સમાવવામાં આવ્યા. આ બંને કારણોથી સામાજિક ભંગાણ પેદા થયું છે (કોષ્ટક ૨). આને કારણે અગાઉની અનેક ઝુંપડપટ્ટીઓની સ્થાનિક સત્તા અને સત્તામંડળોનું પ્રભુત્વ પુનર્વસન વસાહતોમાં ખોરવાઈ ગયું છે.

અગાઉના રહેણાંક સ્થળે મોભાદાર સ્થાનિક આગેવાનો તેમજ વડીલો રહેતા હતા. જે સ્થાનિક  લોકોના વર્તન અને ચાલતી પ્રવૃત્તિઓને નિયંત્રિત કરી શકતા હતા. તેથી કેટલીક ઝુંપડપટ્ટીઓમાં અનૈતિક પ્રવૃત્તિઓ જોવા ન મળતી. દા.ત. ખાનપુર દરવાજા રિવરફ્રન્ટના રહીશોએ દલીલ કરતાં જણાવ્યું કે ત્યાં દારૂના અડ્ડા ખોલવાની કોઈની હિંમત નહોતી, એમ છતાં કોઈ ખોલે, તો સ્થાનિક આગેવાનો અને રહીશો મળીને બે જ દિવસમાં અડ્ડો બંધ કરાવી દેતા. અન્ય વિસ્તારોમાં આવી પ્રવૃત્તિઓ ચાલતી હોય, તો પણ તેને કારણે થતાં વર્તનો અને તકરારો પર ચાંપતી નજર રાખવામાં આવતી.

પુનવર્સનના આવાસોમાં આ સ્થાનિક આગેવાનો અને વડીલોની સત્તા અન્ય સ્થળના રહીશો દ્વારા અસ્વીકાર થયો. તેને લીધે સત્તાનો શૂન્યાવકાશ સર્જાયો અને આંતરિક સામાજિક નિયંત્રણની કમીનું નિર્માણ થયું. આથી, અનૈતિક પ્રવૃત્તિઓ, અસામાજિક વર્તન તેમજ ગુંડાગીરી વધતી ચાલી છે. યુવાનો જુગાર, ડ્રગ્સ અને ચોરી, અશ્લીલ ભાષાનો ઉપયોગ, ઝઘડા અને ગુંડાગીરીમાં કશા ખચકાટ વિના ઝંપલાવી દે છે. આ શૂન્યાવકાશમાં, ગુંડાગીરી અને હિંસાના ઉપયોગ દ્વારા સત્તા અને સત્તાધારીઓનાં નવાં માળખાં અને દાવેદારીઓ પેદા થઈ રહી છે.

**કોષ્ટક ૨: સરકારી આવાસોની  ફાળવણી પ્રક્રિયાથી થયેલ  સામાજિક ભંગાણોનું નિર્માણ**

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ અને અ.મ્યુ.કો. દ્વારા કરવામાં આવેલી પુનર્વસન પ્રક્રિયા સમસ્યાજનક હતી. રિવરફ્રન્ટની આસપાસના અમુક ચોક્કસ ઝુંપડપટ્ટીના રહીશોનું જૂથ બનાવવામાં આવ્યું. આ જૂથને બે થી ત્રણ ચોક્કસ પુનર્વસન વસહતો ફાળવી. આ ફાળવણી કોમ્પ્યુટરાઇઝ્ડ પદ્ધતિથી કરવામાં આવી, જેમાં તે જૂથના લોકોને આડેધડ આ વસાહતોમાં ફ્લેટ ફાળવવામાં આવ્યા. પુનર્વસન પણ અલગઅલગ તબક્કાઓમાં કરવામાં આવ્યું. (આનું એક કારણ એ છે કે પુનર્વસન પ્રક્રિયા દરમિયાન અદાલતના ચુકાદામાં પાત્રતા લંબાવવામાં આવી હતી, જેમ કે કટ-ઑફ તારીખ). એક જ ઝુંપડપટ્ટીના લોકોને અલગ તબક્કાઓમાં અલગ વસહતો ફાળવવામાં આવ્યા.

BRTS માર્ગ વિસ્તૃતિકરણને લીધે, અ.મ્યુ.કો.એ આંબેડકર બ્રિજ તેમજ શાહઆલમ ટૉલનાકા વચ્ચેના છ અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને શહેરના છેવાડાના વિસ્તારમાં આવેલા ગણેશનગર કેમ્પમાં મોકલી આપ્યા. ૩-૪વર્ષ પછી એમને એક જ સમૂહ તરીકે ગણી, કમ્પ્યુટરાઇઝ્ડ ફાળવણી દ્વારા વટવાનાં બે અલગઅલગ વસહતોમાં ફ્લેટ્સ ફાળવવામાં આવ્યા. અ.મ્યુ.કો.એ BRTSના માર્ગવિસ્તરણને લીધે અસરગ્રસ્ત થયેલી કાંકરિયા તળાવ પાસેની બે ઝુંપડપટ્ટીના રહીશો સાથે પણ આમ જ કર્યું.

ફાળવણીની આ પ્રક્રિયાને લીધે લોકોએ એમના વિસ્તૃત પરિવાર, પાડોશીઓ તેમજ સંબંધો વિકસાવ્યા હોય એવા અન્ય લોકોથી અલગ પડવું પડ્યું. આ પ્રક્રિયાને કારણે વિવિધ ઝુંપડપટ્ટી વિસ્તારોમાંથી અનેક લોકો એક જ પુનર્વસન વસાહત પર, એક જ બિલ્ડિંગમાં રહેવા માટે આવ્યા.

*"અહીં આવ્યા પછી ભાઈગીરી વધી ગઈ છે. જુઓ, આ એક નવો વિસ્તાર છે.*
*ખાનપુરમાં માખી પણ નહીં મારી શકનારો માણસ અહીં ભાઈગીરી કરી રહ્યો છે.*
*એવા કેટલાય લોકો મેં અહીં જોયા છે... જેઓ પોતાની ધાક જમાવવા માંગે છે."*

અગાઉની ઘણી ઝુંપડપટ્ટીઓમાં પણ ગુંડાઓ રહેતા હતા અને તેઓ પણ શક્તિ અને સત્તાની સશક્ત હતા. પણ અહીં વટવાની પુનવર્સન વસાહતોમાં ફાળવણીની પદ્ધતિ ને લીધે અલગ અલગ વિસ્તારના ગુંડાઓ એક જ સ્થળે ભેગા થઇ ગયા છે. તેને કારણે પોત પોતાની ધાક જમાવવા માટે તેમની વચ્ચે પરસ્પર હરીફાઇ અને તકરાર થાય છે. ઘણીવાર તકરારો અનૈતિક કાર્યો ચલાવવા અથવા તો ખાલી પડેલા ફ્લેટ્સ બળજબરીપૂર્વક આંચકી લેવા માટે થાય છે. સ્થાનિક આગેવાનો ડરને લીધે અવાજ ઊઠાવવા આગળ આવતા નથી.

### 3. બંધાયેલ સુવિધાની અપૂર્તિ અને એનાથી નકારાત્મક તકનું સર્જન

પુનર્વસન સ્થળે ફ્લેટ્સની ફાળવણી એવી રીતે કરવામાં આવી છે કે દરેક સ્થળે કેટલાક બિલ્ડિંગ્સ અને ઘણા બિલ્ડિંગ્સમાં કેટલાક ફ્લેટ્સ ફાળવાયા વિનાના રહ્યા છે. રિવરફ્રન્ટ પુનર્વસનના છેલ્લા તબક્કામાં, અ.મ્યુ.કો. દ્વારા પાત્રતાની ખાતરી કરવા માટેના દસ્તાવેજોની ચકાસણી આવાસોની ફાળવણી થયા પછી કરવામાં આવી. પરિણામે મકાન ફાળવાયા પછી અમુક પરિવારો અયોગ્ય ઠર્યા, જેથી તેમની ફાળવણીને રદ કરવામાં આવી. પછી એ ફ્લેટ્સ ખાલી જ રહ્યા. ત્યારબાદ અ.મ્યુ.કો. દ્વારા ખાલી ઘરો બાબતે કશી વ્યવસ્થા કરવામાં ન આવી. આથી ગેરકાનૂની તકો ઉભી થઇ અને આવા ઘરો વચેટીયાઓ દ્વારા કબજે કરીને ગેરકાયદેસર ભાડે આપવામાં આવ્યા. આવી રીતે આમાંના કેટલાક ફ્લેટ્સનો દારૂ, જુગાર અને ડ્રગ્સના અડ્ડા તરીકે ઉપયોગ થાય છે. તદ્પરાંત દારૂડિયા અને નશાકારક તત્વો પણ આ ખાલી પડેલા ફ્લેટ અનૈતિક પ્રવૃતિઓ માટે ઉપયોગ કરી રહ્યા છે.

*પુનર્વસન ની સમસ્યાજનક ફાળવણી પ્રક્રિયાને કારણે સંખ્યાબંધ ખાલી ઘરો ફાળવ્યા વગર ના રહ્યા, જે અનૈતિક પ્રવૃતિઓ માટે વાપરવામાં આવે છે. સામાજિક સુવિધાઓ માટે બનાવવામાં આવેલા મોટાભાગનાં બાંધકામો ખાલી પડ્યા રહ્યા છે અને અનૈતિક પ્રવૃત્તિઓના અડ્ડા બની ગયા છે.*

એથી વધુ, પુનર્વસન સ્થળોએ આંગણવાડી અને સ્વાસ્થ્યકેન્દ્રો માટે બનાવવામાં આવેલા મોટાભાગના મકાનો ખાલી અને વેરાન પડ્યાં છે. વી.જી.જી. નગરમાં આવેલું આંગણવાડી માટેનું એક મકાન કેટલાક સમય માટે જુગારનો અડ્ડો બની રહ્યું હતું. સદ્ભાવના નગરમાં આવેલા આંગણવાડીના એક મકાનમાં દારૂ વેચાતો હતો. કે.બી.ટી. નગરના સ્વાસ્થ્ય કેન્દ્રનું એક મકાન જુગાર રમવા માટે વપરાતું હતું અને જુગારીઓ ઘણીવાર ત્યાં દારૂ પીને મોટેમોટેથી ઝઘડતા હતા. સદ્ભાવના નગરમાં ખુલ્લેઆમ દારૂ વેચાય છે, પરંતુ આવા ખાલી મકાનોને લીધે આવી પ્રવૃત્તિઓ અનેકગણી વકરી છે. સામાન્ય રીતે તે ઝટ નજરે ચડતી નથી. દારૂ અને ડ્રગ્સના રવાડે ચડેલા લોકો ખુલ્લેઆમ સ્ત્રીઓની છેડતી કરે છે. વધુમાં, આ અનૈતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેનારા લોકો પોતાની કુટેવોને પોષવા માટે ઘણીવાર ચોરી, લૂંટ અને ઘરફોડ ચોરીના રવાડે ચડે છે. અહીંનું આર્થિક અને સામાજિક વાતાવરણ પણ ખુલ્લેઆમ ચોરી/લૂંટ અને જાતીય સતામણીની તકો ઉભી કરે છે (જુઓ પૉલિસી બ્રીફ ૩ અને ૫).

### ૪ નબળું સુરક્ષા શાસન

અનૈતિક પ્રવૃત્તિઓ તેમજ ગુંડાઓને પહોંચી વળવામાં પોલીસની નિષ્ફળતાને કારણે આ પ્રવૃત્તિઓને વેગ મળે છે. ૨૦૧૪ના મધ્યમાં, વી.જી.જી નગર અને સદ્ભાવના નગર વચ્ચે પોલીસ ચોકી બનાવવામાં આવી હતી. આમ છતાં, એ ૨૪ કલાક ચાલુ રહેતી નથી. વધુમાં, રહીશો કહે છે કે દારૂના અડ્ડાના માલિકો પાસેથી પોલીસ લાંચ લે છે. ગુંડાઓ વિશે ફરિયાદ કરતાં પણ લોકો ડરે છે. પુનર્વસનની પ્રક્રિયાને લીધે ઉદભવેલી તાણગ્રસ્ત આજીવિકા અને સામાજિક ભંગાણોને કારણે અસહ્ય મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થઈ છે. જેના કારણે લોકોનું અસરકારક સંગઠન જે સુરક્ષા શાસનમાં સહભાગી થઇ શકે તે સ્થાપવું પણ ખૂબ પડકારજનક બન્યું છે.




### પોલિસીની ભલામણો

- વિસ્થાપન બને એટલું ઓછું થવું જોઈએ અને શહેરી વિકાસના પ્રોજેક્ટ હાથ ધરતા પહેલા શહેરી દુબળા વર્ગો પર તેની કેવી અસર પડશે અંગેની પૂર્ણ વિચારણા થવી જોઈએ.
- વિસ્થાપન જો અનિવાર્ય હોય તો, પુનર્વસન તેની નજીકનાં સ્થળે થવું જોઈએ. એનું કારણ કે દૂરના સ્થળે થતા પુનર્વસનથી તેમનો પરિવહનનો ખર્ચ વધે છે. આનાથી આવન-જાવન અને આજીવિકા પર નકારાત્મક અસર પડે છે. આ નકારાત્મક અસરોને કારણે સામાજિક મુશ્કેલીઓ પેદા થાય છે. લોકોને તે ગુના આચરવા પ્રેરે છે. પુનર્વસનનાં આયોજનનું ધ્યેય પ્રવર્તમાન સામાજિકતંત્ર તેમજ સામૂહિક સંબંધોને જાળવી રાખવાનું હોવું જોઈએ. સામાજિક માળખાના આંતરીક નિયંત્રણ માટે આ જરૂરી છે, આનાથી વસાહતની આંતરિક પ્રવૃતિઓ અને ગતિવિધિઓ પર નજર રાખી શકાય.

- વસાહતોને સુરક્ષિત બનાવવા માટે મૂળભૂત સુવિધાઓ પ્રવર્તમાન હોવી જરૂરી છે. આ સુવિધાઓની જાળવણી માટે સામૂહિક વહીવટની સફળતા અને તે માટે આજીવિકામાં વૃદ્ધિ તેમજ સામૂહિક સંબંધોની જાળવણી કરવી પણ જરૂરી છે. સેવાઓનો સામૂહિક વહીવટ કરવા માટે સરકારે લોકોની આર્થિક ક્ષમતાનું વાસ્તવિક આંકન અને તેને અનુરૂપ લાંબા સમયના વહીવટનું આયોજન કરવું પણ જરૂરી છે.
- સ્ટ્રીટ લાઇટ જેવી મૂળભૂત સવલતોની સરકારીતંત્ર દ્વારા પૂરતી અને કાર્યરત હોય એવી જોગવાઈ કરેલી હોવી જોઈએ.
- લોકોની સુરક્ષા વધારવા માટે સરકારી આવાસોનું આયોજન કરતી વખતે વસાહતો, તેની આસપાસના વિસ્તારોની જમીનોનો ઉપયોગ, રસ્તા અને તેના કોરની ડીઝાઇન અને વપરાશની બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. વસાહતોની અંદર પૂરી પાડવામાં આવેલી સરકારી સુવિધાઓ જેમ કે આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર ચાલતી હોવી જોઈએ. આવી સુવિધાઓ પૂરી પાડતી વખતે તે નિરંતર ચાલશે તેની ખાતરી થવી જરૂરી છે નહિ તો આવા સ્થળો અનૈતિક પ્રવૃત્તિઓને છાવરી શકે છે.
- નબળાવર્ગના લોકો માટે સુલભ અને જવાબદાર પોલીસ કાર્ય હોવું જોઈએ.
- લઘુસ્તરીય આયોજન અને શાસન દ્વારા નકારાત્મક તકોને ઘટાડીને ચોક્કસ અસુરક્ષિત વસાહતોને સુરક્ષિત સ્થળોમાં ફેરવી શકાય છે. છતાં, આનાથી ગુનાઓનું વિસ્થાપન એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી ન થાય તે માટે લાંબા ગાળાની અસમાનતા ઘટાડવા માટે શહેરી સ્તરનું આયોજન થવું જરૂરી છે.

**સંશોધનની પદ્ધતિઓ**

* સ્થાનિક આલેખન (Locality mapping) તથા સમુદાયની રૂપરેખા

* અનૌપચારિક વાતચીત

* ૧૧ ફોક્સ ગ્રુપ ડિસ્કશન્સ (FGDs)

* ૭ અનૌપચારિક ગ્રુપ ડિસ્કશન્સ (GDs)

* ૩૫ વ્યક્તિગત ચર્ચા

* કુલ ૫૧ પુરુષો અને ૫૩ સ્ત્રીઓએ FGDs, GDs અને વ્યક્તિગત ચર્ચામાં ભાગ લીધો.

* રાજકીય અગ્રણીઓ તથા નગરપાલિકાના અધિકારીઓ સાથેની મુલાકાતો

* માસ્ટર્સ થિસીસઃ પરિવહન અને સ્ત્રીઓની સલામતી પર આધારિત FGDs (૪૬ સ્ત્રીઓ)

Funded by

સરનામું : સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (સી.યુ.ઈ.), સેપ્ટ યુનીવર્સીટી, કસ્તુરભાઈ લાલભાઈ કેમ્પસ, યુનીવર્સીટી રોડ, નવરંગપુરા, અમદાવાદ -380009
ટેલીફોન: 079-630 2740 એક્સટેન્સન ન. 473
વેબસાઈટ : www.cept.ac.in/cue ઈમેલ: cue@cept.ac.in